અપીલ અરજી નં.૨૫૩ તા.૮–૧૨–૦૮/૦૯

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ

સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

*વિષય :*–આરટીઆઈ એકટ હેઠળ શ્રીગુલામભાઈ મેમણ ની તા.૩–૧૧–૦૮ ની અરજીથી નાનપુરા ટીમલીયાવાડ ચાર રસ્તા ડો. રણછોડની શેરીના નાકે નોંધ નં.૮૫૫/૫ માં થયેલા નવા બાંધકામનો રીવાઈઝ પ્લાન કોણે પાસ કર્યો અને કયા અધિકારીના મેણાપીપણામાં દુકાન અને નવું મકાન બનાવેલ છે તે અંગે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

*સંદર્ભ :*– અરજદાર મજકુરની તા.૮–૧૨–'૦૮ ની અપીલ અરજી નં.૨૫૩/૨૦૦૮–૦૯

## ફરીયાદની હકીકતઃ–

શ્રી ગુલામભાઈ મેમણ ની તા.૩–૧૧–૦૮ ની અરજીથી નાનપુરા ટીમલીયાવાડ ચાર રસ્તા ડો. રણછોડની શેરીના નાકે નોંધ નં.૮૫૫/૫ માં થયેલા નવા બાંધકામનો રીવાઈઝ પ્લાન કોણે પાસ કર્યો અને કયા અધિકારીના મેળાપીપણામાં દુકાન અને નવું મકાન બનાવેલ છે તે અંગે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સે.ઝોનના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.ન.૧૦૪૦ તા.૩–૧૨–૦૮ થી આપેલ માહિતીમાં મુદ્દા નં.૧ થી ૫ પૈકી મુદ્દા નં.૧ નો જવાબ આપેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૧૨–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૮૭૦ તા.૧૬–૧૨–૦૮ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/૧૨૧૨ તા.૯–૧–૦૯ થી પૂરક માહિતી અત્રે મોકલેલ છે જે અનુસાર તેમના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/૧૦૪૦ તા.૩–૧૨–૦૮ થી તેમણે અરજદારને ૧ થી ૫ મુદ્દાની માહિતી પૂરી પાડયાની પત્રની નકલ અત્રે રજુ કરેલ છે.

અરજદારે મુળ અરજીથી વિષયમાં નિર્દિષ્ટ નોંધ નં.૮૫૫/૦૫ માં થયેલ નવું બાંધકામ પુરું થયું છે તો કયા અધિકારીના મેણાપીપણામાં થયું છે? બાંધકામનો રીવાઈઝ પ્લાન કઈ તારીખે મુકવામાં આવેલ અને કયા અધિકારીએ પાસ કર્યો? આર્કીટેકટના નામ, સરનામાં પરવાનગી વગરના બાંધકામને કેમ સીલ કરવામાં આવ્યું નથી તથા જગ્યાના માલીકના નામ તથા સરનામાંની વિગતો માંગેલ જે અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને પૂરી પાડેલ માહિતી અનુસાર સદર મિલ્કતમાં રીનોવેશન કરવામાં આવેલ છે રીવાઈઝડ પ્લાન મુકવામાં આવેલ નથી તેથી આર્કીટેકટના નામ સરનામાં નથી તેમજ જગ્યાના માલિકના નામ સરનામાંની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

જાહેર માહિતી અધિકારી ધ્વારા મોકલેલ પૂરક માહિતીમાં અરજદારને અગાઉની સરખી મિલ્કત બાબતની તા.૨૬–૮–૦૮ ની અરજી તથા અપીલ નં.૨૨૩ તા.૩–૧૧–૦૮ બાબતે અત્રેના હુકમ નં.૮૪૬ તા.૪–૧૨–૦૮ નો હવાલો આપી અરજદારને તા.૧૦–૧૨–૦૮ ના રોજ અગાઉ પણ માહિતી આપ્યાની વિગત રજુ કરેલ છે જે અરજદારની અપીલ નં.૨૨૩ નો સંદર્ભ ધરાવતી મુળ અરજીના મુદ્દા નં.૭ અને ૮ ધ્યાનમાં લેવામાં આવે તો અરજદારે આજ મિલ્કત અંગે રીનોવેશનની પરવાનગી બાબતે માહિતી માંગ્યાનો સ્પષ્ટ ઉલ્લેખ છે અને જાહેર માહિતી અધિકારીએ તે પણ પૂરી પાડેલ છે.

પ્રસ્તુત તબકકે અરજદારે માત્ર મુદ્દા નં.૧ નવું બાંધકામ પુરું થયું તે અંગે માત્ર અપીલ કરેલ છે પરંતુ એ અંગે અપીલના સમર્થનમાં કોઈ આધાર પુરાવા કે વ્યાજબીપણું રજુ કરેલ નથી. અરજદારના આજ મુદ્દા અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા રીનોવેશન હોવાનું પુનરાવતિત ધોરણે મુળ અરજી અને પુનઃ અરજીના તબકકે જણાવેલ છે જ તેમજ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરક માહિતી સાથે રજુ કરેલ નોંધ વિભાગના તા.૩૦–૮–૦૮ પરથી પણ સમર્થન મળે છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

મુળ અરજીથી અરજદારે માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૩–૧૨–૦૮ ના રોજ ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી હકીકતલક્ષી માહિતી પૂરી પાડેલ હોઈ અપીલના તબકકે વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો નથી અપીલ દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/

તારીખ : –૧ –૦૯.

ડે.*કમિશ્નર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)....જાણ તથા અમલ માટે

(૨)ગુલામભાઈ મેમણ,